# જિનનાથપુરી

ગામમાં ત્રણ જિનમંદિરો છે. "નગર જિનાલય" નામે એક મંદિર છે. તેમાં અંદર ઊંડે-ઊંડે શ્રી આદિનાથ પ્રભુ છે. બેટરી સિવાય ભગવાનના દર્શન ન થાય તેટલુ અંધારૂ છે. અહીં દક્ષિણમાં ઘણા મંદિરો અંદર ઊંડે-ઊંડે હોવાથી ખૂબ જ અંધારૂ હોય છે. તેથી આ તરફની યાત્રામાં બેટરી સાથે હોવી ખાસ જરૂરી છે.

બીજું મંદિર - શ્રી અંકના બસ્તી છે, જે ઈ.સ. ૧૧૮૧માં બંધાયેલ છે. અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ છે. અહીં ઘણા પ્રાચીન શિલાલેખો કન્નડમાં કોતરેલા છે. કસોટી પથ્થરના મોટા નક્શીવાળા ચાર સ્થંભો છે. બખાલાના બ્રાહ્મણ પ્રધાનની પત્નીએ આ મંદિર બંધાવ્યુ હતુ તેમ લેખ છે. જિનનાથપુરીનું જે મોટું મંદિર છે તેમાં ફેણવાળા મોટા શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસને આશરે ૫ ફીટના છે. **પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ વિ. સં. ૧૯૯૧ના ચૈત્ર સુદ-૧૩ (મહાવીર જયંતિ) ના રોજ સોનગઢમાં સ્ટાર ઓફ ઈન્ડિયા મકાનમાં સ્વ. શ્રી હરીભાઈ ભાયાણીની હાજરીમાં બપોરે ૧:૦૦ વાગે જ્યારે પરિવર્તન કર્યું હતુ, ત્યારે આ પ્રતિમાજીનો ફોટો સ્વ. શ્રી હરીભાઈ ભાયાણી ત્યાં લાવ્યા હતા અને આ ફોટાની સમક્ષ સ્વ. શ્રી હરીભાઈ ભાયાણી ચૈત્ય વંદનનો પાઠ બોલ્યા હતા અને તે સમયે પૂજ્ય ગુરુદેવશ્રીએ પરિવર્તન કર્યું હતું. આ ફોટો સોનગઢમાં શ્રી સ્વાધ્યાય મંદિર હોલમાં આજે પણ લગાવેલો છે અને તે ફોટા નીચે લખેલ છે કે પૂજ્ય ગુરુદેવશ્રીએ આ ફોટા સમક્ષ પરિવર્તન કર્યું હતું. આ રીતે જિનનાથપુરીની શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિનું આપણા માટે મહત્વ ગણાય.**

દક્ષિણમાં યક્ષ-યક્ષિકાઓની મૂર્તિઓ લગભગ બધા જ મંદિરોમાં હોય છે, જે કાં તો પ્રતિમાજીના આગળના ભાગમાં, કાં તો બાજુમાં અને કાં તો બહારના ભાગમાં હોય છે. કોઈ-કોઈ સ્થળે સરસ્વતિની મૂર્તિ પણ હોય છે. જિનનાથપુરીમાં શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર પણ છે. જેમાં શ્રી શાંતિનાથ ભગવાન ૫ ફીટના છે, જે શ્યામ આરસના છે. ચારે બાજુ કિંમતી કસોટી પથ્થરના નક્શીકામવાળા થાંભલા છે. છતમાં પણ ઘણું નક્શીકામ છે. ઉપરનું શિખર તૂટી ગયું છે.

જિનનાથપુરીના બીજા મંદિરના બહારના ભાગમાં ફરતુ ઘણું જ નક્શીકામ છે. જુદી-જુદી મૂર્તિઓ કોતરેલી છે, જે લગભગ બધી જ ખંડિત થયેલી છે. બધા જ ભગવાનના મોઢા ખંડિત થયેલા છે.

તીર્થક્ષેત્રની યાત્રા કરતાં અનંતા સિદ્ધોને ભેટયાં જેટલો આનંદ થાય છે.
જેવા સિદ્ધ ભગવાન છે તેવો જ અંશે સિદ્ધ સમાન અનુભવ થાય છે.